# સ્વજનો દ્વારા થતાં અપમાન જેવું દારૂણ દુઃખ જગતમાં બીજું કોઈ નથી

**આચમન**
**બિપિન પટેલ**

'નિમંત્રણ વિના જ્યાં ત્યાં જવું નહીં!' એવું કહેવાય તો છે પરંતુ વગર નિમંત્રણે દોડી જનારા પણ મળી તો આવશે. લગ્નપ્રસંગે કે એવા જ કોઇ બીજા પ્રસંગે જો કોઇ આમંત્રણ વિના પહોંચી જાય તો ભલે કદાચ કોઇ તેનું અપમાન કરીને કાઢી પણ મૂકે પરંતુ બબડાટ તો અવશ્ય કરે કે આત્મસન્માન જેવું કંઇ છે કે નહીં? બસ! દોડી આવ્યા. માતા, પિતા કે મિત્રને ત્યાં વિના નિમંત્રણે જવામાં કોઇ વાંધો નથી એવું ભલે કહેવાતું હોય પરંતુ ત્યાં પણ કોઇ જાણી જોઇને કેવળ અપમાન કરવા ખાતર જ નિમંત્રણ ન આપતું હોય તો ત્યાં જવામાં પણ હિત તો નથી જ! વગર નિમંત્રણે ગમે ત્યાં જવું એટલે આપણી જાતે જ આપણી કિંમત ઘટાડવી એવું જ બન્યું શિવપત્ની સતીજીના ઉદાહરણમાં. તેઓ શિવજીના સમજાવ્યાં સમજ્યાં નહીં અને વગર નિમંત્રણે પહોંચી ગયાં પિતાને ત્યાં યજ્ઞોત્સવમાં! પરિણામ શું આવ્યું? સતીજીએ પ્રાણ ગુમાવ્યા.

શ્રીરામચરિતમાનસના બાલકાંડનો એ પ્રસંગ સૌને સાવધાન કરે છે કે વગર નિમંત્રણે ક્યાંય પણ જતાં પહેલાં સો વાર વિચાર કરજો. એ પ્રસંગ કંઇક આવો છે, સતીજીએ જ્યારે જાણ્યું કે તેમના પિતાજીને ત્યાં મહાયજ્ઞ થઇ રહ્યો છે ત્યારે ત્યાં જવા માટે તેમણે શિવજી પાસે અનુમતિ માંગી. શિવજીએ તેમને કહ્યું કે, ''આપણને નિમંત્રણ મળ્યું નથી એટલે આપણાથી ન જવાય! તમારા પિતા મારાથી નારાજ છે એટલે મારું અપમાન કરવા માટે જ તેમણે જાણી જોઇને આપણને આમંત્રણ આપ્યું નથી. જો વગર નિમંત્રણે તમે ત્યાં જશો તો તમને પ્રેમથી કોઇ આવકાર મળશે નહીં, તમે અપમાનિત થશો. શક્ય છે કે તમારે તેની ભારે કિંમત ચૂકવવી પડે!'' સતીજીએ અનેક



દલીલો કરી ''અરે! આ તો મારા પિતાનું ઘર છે. પિતાને કે મિત્રને ત્યાં જવામાં વળી નિમંત્રણથી શી જરૂર?'' મહાદેવે તેમને સમજાવવાનો પ્રયત્ન કર્યો કે, ''તમારી વાત સાચી છે કે પિતા, મિત્ર કે સ્વામીને ત્યાં જવા માટે નિમંત્રણની જરૂર નથી. કિંતુ જ્યાં આપણી કદર ન થતી હોય તહાં ગએં કલ્યાનુ ન હોઇ. ત્યાં જવામાં કલ્યાણ તો નથી જ!'' જો કે શિવજીએ તેમને વારંવાર સમજાવ્યાં પરંતુ પિતૃમોહવશ તેમણે તેમનું માન્યું નહીં: પહોંચી ગયાં પિતાને ત્યાં. શિવજીએ કહ્યું હતું તેવું જ બન્યું. ન કોઇ પ્રેમ, ન આવકાર, બહેનોએ મુખ ફેરવી લીધાં.

> વગર નિમંત્રણે ગમે ત્યાં જવું એટલે આપણી જાતે જ આપણી કિંમત ઘટાડવી

ઘમંડી પિતાએ કઠોર શબ્દોમાં અપમાન કર્યું અને અભદ્ર વ્યવહાર કર્યો. પિતાનો એ અભદ્ર વ્યવહાર અને પોતાનું અપમાન તો તેઓ ગળી ગયાં પરંતુ જ્યારે યજ્ઞમંડપમાં તેમણે ન તો શિવજીનું કોઇ સ્થાન જોયું કે ન યજ્ઞમાં તેમનો કોઇ ભાગ જોયો ત્યારે પતિનું એ અપમાન તેમને માટે અસહ્ય બની ગયું. આત્મગ્લાનિ એટલી તીવ્ર બની કે યજ્ઞકુંડમાં કૂદીને તેમણે પોતાના શરીરને ભસ્મ કરી દીધું. તુલસીદાસજી લખે છે.

''જદ્યપિ જગ દારૂણ દુઃખ નાના।
સબ તે કઠિન જાતિ અવમાના।।''

જો કે જગતમાં દારૂણ દુઃખ તો અનેક છે, તેમ છતાં પોતાના જ સ્વજનો, પ્રિયજનો કે આત્મીયજનો દ્વારા થતાં અપમાન જેવું દારૂણ દુઃખ જગતમાં બીજું કોઇ નથી. આ પ્રસંગ પરથી આપણે એક સૂત્ર યાદ રાખીએ 'વગર નિમંત્રણે અને વગર વિચાર્યે ગમે ત્યાં દોડી જવું એટલે પોતે જ પોતાનું અહિત કરવું.'

## સંસ્કાર અને ચારિત્ર્યનો પાયો 'માતા'



**અજવાળાં**
**દુર્ગેશ ઉપાધ્યાય**

એક માતા સો શિક્ષકો બરાબર છે એમ કહ્યું છે. અર્થાત એના સંસ્કારનું સિંચન અને બાળઉછેર એ સો શિક્ષકોના શિક્ષણ કરતાં પણ મહત્ત્વનું છે. માતા બાળકમાં જેવું વાવે છે તેવું ઊગે છે. સારો પાક લેવા ખેતીમાં જે કાળજી લેવી પડે એવું બાળઉછેર માટે પણ છે.

માતાના સંસ્કાર અને ચારિત્યનો પ્રભાવ બાળક પર ઊતરે છે. એક માતાએ તેનું તાજું જન્મેલું બાળક જંગલમાં છોડી દીધું. ત્યાં એક વરુ આવ્યું અને તેને મોંઢામાં ઘાલી લઇ ગયું. વરુને પોતાના બચ્ચા જેવી લાગણી થઇ અને એણે પોતાના બચ્ચાંની સાથે એને ધવડાવવા માંડ્યું. એ બાળક જેમ જેમ મોટું થયું અને પેલાં બીજાં બચ્ચાંની જેમ ચાલવા લાગ્યું. વરુની જેમ બોલવા લાગ્યું. એનું શરીર માનવનું પણ બધી ચાલચલગત વરુની. બોલો પછી શું? આ સંસ્કાર!

બીજી એક વાત જોઇએ. વીર ચાંપરાજ જે એક સમયે મોટો બારવટિયો હતો. તે ઘોડિયામાં સૂતો હતો, ત્યારે

> બાળક એ માટીનો પિંડ છે, એને ચાકડે ચઢાવી જેવો ઘાટ આપો એવો ઘડાશે

ચાંપરાજના પિતા બહારથી આવ્યા અને ચાંપરાજની માતાને પકડી લઇ પ્રેમ જતાવા અડપલું કર્યું. ત્યારે એ સ્ત્રીએ પતિ સામે આંખ કાઢી કહ્યું, ''જરા શરમ કરો. આ બાળક પર કેવા સંસ્કાર પડશે. એ તમને જોઇ રહ્યું છે.''

એ ચાંપરાજ મોટો થયો, કહેવાય છે કે, એના પરસેવામાં જ રોગનાશ કરવાની શક્તિ હતી. માતાપિતાના અંગત વર્તનની પણ સારીનરસી અસર બાળક પર પડે છે. એટલે કહ્યું છે, ઘર એ બાળકની પ્રથમ શાળા છે. અહીં રાજા ગોપીચંદની પણ એક વાત કહેવી છે. રાજા ગોપીચંદની માતા મેનાવતી હતી. એના ત્યાગ અને વૈરાગ્યના સંસ્કાર ગોપીચંદમાં ઊતર્યા હતા. છતાં જ્યારે ગોપીચંદ રાજકુમાર હતા ત્યારે આઠ રૂપવતી રાજકન્યાઓ સાથે હરતાફરતા હતા. એક વાર મેનાવતીએ રાજકુમારને ટકોર કરી કહ્યું, ''બેટા, તારા બાપ તારાથી પણ અધિક સુંદર હતા, છતાં એ સ્મશાનમાં જઇ સૂઇ ગયા છે. આ શરીર તો અંતે રાખ થવાનું છે'' અને આટલી વાતથી ગોપીચંદને વૈરાગ થયો અને સંન્યાસી થઇ ગયા. આમ બાળક એ માટીનો પિંડ છે, એને ચાકડે ચઢાવી જેવો ઘાટ આપો એવો ઘડાશે. માતા-પિતા જ એને ઘાટ આપે છે. એ મહત્ત્વની જવાબદારી માબાપે યાદ રાખવી જોઇએ.

એક બાળક ઘરમાંથી ચાર આની લઇ દુકાને જઇ ચોકલેટ લઇ આવે છે અને પછી માને કહ્યું, ''મા, પેલી ખોટી ચાર આની ચલાવીને ચોકલેટ લઇ આવ્યો.''

ત્યારે માની આંખ પહોળી થઇ ગઇ. બાળકને કહ્યું, ''એવું કેમ કર્યું? આ છેતરપિંડી કહેવાય, ખોટી ચાર આની બજારમાં જવા દેવાની ન હતી એ ફરશે તો કેટલા છેતરાશે?'' બાળકને ઠપકો આપતાં બાળક રડી પડયું પણ ત્યાર પછી એનામાં સચ્ચાઇ અને નીતિનાં બીજ રોપાયાં. એ મોટો થતાં જાણીતો શિક્ષણશાસ્ત્રી બન્યો. જ્યારે ઘણાં માબાપ જ પોતાના સંતાનને ખોટું કરતાં રોકતાં નથી, એ આવું કંઇ કરી આવે તો એ હોંશિયાર છે એમ માને છે પણ એનું પરિણામ આગળ જતાં કેવું આવશે એ વિચારતાં નથી, માટે સંસ્કાર સિંચન વિના આ જગત, સમાજ સુંદર થવાનો નથી. એ યાદ રાખવું ઘટે.

## સપ્તાહનાં વ્રત-તહેવારો
### તા.૧૮ થી તા.૨૪ મે 2026



**તા. ૧૮ સોમવાર**
અધિક જેઠ સુદ બીજ

**તા. ૧૯ મંગળવાર**
અધિક જેઠ સુદ ત્રીજ, વિનાયક-અંગારકી ચોથ

**તા. ૨૦ બુધવાર**
અધિક જેઠ સુદ ચોથ

**તા. ૨૧ ગુરુવાર**
અધિક જેઠ સુદ પાંચમ, ગુરુ પુષ્યામૃત સિદ્ધિયોગ

**તા. ૨૨ શુક્રવાર**
અધિક જેઠ સુદ છઠ-સાતમ ક્ષયતિથિ, જરથોસ્તનો દિશો

**તા. ૨૩ શનિવાર**
અધિક જેઠ સુદ આઠમ, દુર્ગા આઠમ

**તા. ૨૪ રવિવાર,**
અધિક જેઠ સુદ નોમ

## સુવિચાર

પરમાત્મા સુધી પહોંચવાનો રસ્તો બહાર નહીં, પોતાના અંતરમાં છે.

"શાંતિ શોધવી હોય તો ઇચ્છાઓ ઓછી કરો અને ભક્તિ વધારે કરો.

"જ્યાં અહંકાર સમાપ્ત થાય છે, ત્યાંથી આધ્યાત્મ શરૂ થાય છે.

ભગવાનને શબ્દોથી નહીં, પરંતુ શુદ્ધ હૃદયથી યાદ કરો.

"સાચી પ્રાર્થના એ છે જે મનને શાંત અને આત્માને પવિત્ર બનાવે."